### ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગટર બ્લોકેજની ગંભીર સમસ્યા

# કપડવંજના ગામડાંમાં ગંદુ પાણી માર્ગો પર રેલાતા પ્રજા પરેશાન

**જેટિંગ મશીન,** સુએજ શકશન પંપ અને STP પ્લાન્ટ સહિત સફાઇના સાધનો ફાળવવાની માંગ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૯

ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હેઠળ ગટર લાઈનોની બ્લોકેજ સમસ્યાના કાયમી ઉકેલ માટે કોંગ્રેસ અગ્રણી અને કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલ દ્વારા સરકારમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે.

કપડવંજની ગ્રામ પંચાયતોમાં ૧૫મા નાણાપંચ યોજના અંતર્ગત અંડરગ્રાઉન્ડ સિમેન્ટ પાઈપની ગટર લાઈનોની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જોકે, ગટરોમાં અવારનવાર બ્લોકેજ થવાના કારણે ગંદુ પાણી રોડ પર ફેલાઈ રહ્યું છે, જેનાથી ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ સમસ્યાના નિકાલ માટે પંચાયતોને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 'જેટિંગ મશીન' અને 'સુએજ શકશન પંપ' પૂરા પાડવા માંગ કરાઈ છે. હાલમાં પંચાયતોને નજીકની પાલિકાઓ પાસેથી આ સાધનો મોંઘા ભાડે લેવા પડતા હોવાથી ગ્રામજનો પર બેવડો આર્થિક બોજ પડી રહ્યો છે. આ ગંદા પાણીના યોગ્ય નિકાલ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપલબ્ધ ન હોવાને કારણે સ્થાનિક નદીઓ અને તળાવો પણ દૂષિત થઈ રહ્યા છે.

આ અંગે નીતિનભાઈ પટેલે વારંવાર લેખિત રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી અને STP યોજનાઓમાં સરકારી નાણાંનો વ્યય થયો હોવાના આક્ષેપ સાથે તાત્કાલિક સુવિધાઓ પૂરી પાડવા માંગ કરી છે.

## આણંદમાં આજે ભરતી મેળો યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદ જિલ્લા રોજગાર કચેરી અને મોડેલ કેરિયર સેન્ટર દ્વારા યુવાનો માટે ૧૦મીને સવારે ૧૦ વાગ્યે સેન્ટ સ્ટીફન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી કોલેજ, આઈ.પી. મિશન ગર્લ્સ હાઈસ્કૂલ કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ, આણંદ ખાતે જિલ્લા કક્ષાના રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ., ડિપ્લોમા, ડિગ્રી-સ્નાતક તથા અનુસ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૧૮ થી ૩૫ વર્ષની વય ધરાવતા તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે. નોકરી અને એપ્રેન્ટીસશીપ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના ઓછામાં ઓછા ૦૩ બાયોડેટા, લાયકાત તેમજ અનુભવના પ્રમાણપત્રોની નકલ સાથે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

## આણંદમાં 'રાજા ગણરાય'નું ભવ્ય આગમન: ભક્તિ અને દેશભક્તિનો અનોખો સંગમ





આણંદ ગણેશ મંડળ ગ્રુપ દ્વારા 'રાજા ગણરાય'ની ટાઉનહોલથી વૃંદાવન ગ્રાઉન્ડ સુધી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય, મેયર સહિતના અગ્રણી આગેવાનો અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. વૃંદાવન ગ્રાઉન્ડ ખાતે ભવ્ય મહાઆરતી બાદ ગણપતિ દાદાની નિજ પંડાલમાં વિધિવત સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપના પ્રસંગે પૂર્ણ 'વંદે માતરમ'ના સામૂહિક ગાન સાથે ધાર્મિક આસ્થા અને રાષ્ટ્રપ્રેમનો અદભુત સંગમ સર્જાયો હતો.

# બોરસદમાં ધો.૮ના વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

**હોસ્ટેલમાં** આવ્યાના ગણતરીના કલાકોમાં જ વિદ્યાર્થીએ અંતિમ પગલું ભર્યું

(પ્રતિનિધિ) બોરસદ તા.૯

બોરસદની જાણીતી વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા ધોરણ-૮ ના ૧૪ વર્ષીય વિદ્યાર્થી કુંજ ભાવેશભાઈ માથુકીયાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. પ્રાથમિક તપાસમાં હોસ્ટેલમાં રહેવું ગમતું ન હોવાના કારણે વિદ્યાર્થીએ આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કુંજ માથુકીયાને અભ્યાસ અર્થે વાત્સલ્ય સ્કૂલની હોસ્ટેલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, તેને હોસ્ટેલનું વાતાવરણ અનુકૂળ ન આવતાં અને ત્યાં રહેવું ન ગમતાં તે અવારનવાર ઘરે ફોન કરીને પરિવારજનોને પોતાને લઈ જવા માટે વિનંતી કરતો હતો. ગત ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ૧૭:૧૫ કલાક પહેલાં પરિવારજનો તેને સમજાવીને હોસ્ટેલે મૂકી ગયા હતા. પરંતુ પરિવારજનોના ગયાના ગણતરીના કલાકોમાં જ કુંજે હોસ્ટેલમાં ફાંસો ખાઈ લીધો હતો.

આ ઘટનાની જાણ થતાં જ પરિવારજનો તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા, પરંતુ તે પૂર્વે જ વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું. આ દુઃખદ ઘટના અંગે પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# વીરપુર તાલુકામાં સુજલામ-સુફલામ કેનાલમાં પાણી છોડવા ખેડૂતોની માંગ

**વરસાદ** ખેંચાતાં પાક નિષ્ફળ જવાની અણી પર, મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



(પ્રતિનિધિ) વીરપુર તા.૯

વીરપુર તાલુકામાં છેલ્લા બે માસથી પૂરતો વરસાદ ન પડતાં ખેડૂતોના ઉભા પાક પર ગંભીર સંકટ ઘેરાયું છે. ખેતરોમાં પાક સુકાઈ જવાની ભીતિ વચ્ચે ખેડૂતોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સુજલામ-સુફલામ કેનાલમાં તાત્કાલિક સિંચાઈનું પાણી છોડવાની ઉગ્ર માંગ સાથે આસપાસના વિસ્તારોના મોટી સંખ્યામાં ખેડૂતોએ મામલતદાર કચેરી ખાતે 'કેનાલમાં પાણી છોડો'ના નારા લગાવી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

વીરપુર તાલુકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર નભતો વિસ્તાર છે. ચાલુ સિઝનમાં વરસાદ ખેંચાવાના કારણે ખાસ કરીને ડાંગરના પાકને ભારે નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે. પાક માટેના આ અત્યંત નિર્ણાયક સમયે જો સમયસર પાણી નહીં મળે, તો ખેડૂતોની મહિનાઓની મહેનત અને ખેતી પાછળ થયેલો મોટો આર્થિક ખર્ચ નિષ્ફળ જવાની શક્યતા છે. આ સિવાય, કેનાલ મારફતે ગામના તળાવો ભરવામાં આવે તો પશુધનના પીવા માટે અને સિંચાઈ બંને માટે મોટો લાભ થઈ શકે તેમ છે.

ખેડૂતોના આક્રોશ વચ્ચે મહીસાગર જિલ્લા પંચાયતના સિંચાઈ ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેન દ્વારા પણ કાર્યપાલક ઈજનેર (સિંચાઈ વિભાગ, લુણાવાડા)ને પત્ર લખીને ભાદર ડેમ તથા સુજલામ-સુફલામ કેનાલમાંથી તાત્કાલિક પાણી છોડવા સત્તાવાર રજૂઆત કરવામાં આવી છે.

બીજી તરફ, કડાણા ડેમના મદદનીશ ઈજનેરે ટેલિફોનિક સંપર્કમાં જણાવ્યું હતું કે, હાલ કડાણા ડેમમાં ગત વર્ષની સરખામણીએ ઓછો એટલે કે આશરે ૫૮ ટકા જેટલો જ જળસંગ્રહ ઉપલબ્ધ છે. જોકે, પાણી છોડવા અંગે સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવી છે.

### આધેડના મોતમાં હત્યા કે અકસ્માત અંગે ભેદ ઘેરાયો

# વડોદ ગામમાં ધાબા પરથી વાયરમેનનો મૃતદેહ મળ્યો

**વાસદ** પોલીસે પેનલ પીએમ કરાવી તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદ નજીક આવેલા વડોદ ગામે વિધવા મહિલાના મકાનના ધાબા પરથી ૫૪ વર્ષીય આધેડનો રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવ અકસ્માત છે કે હત્યા, તે રહસ્ય ઉકેલવા વાસદ પોલીસે પેનલ પોસ્ટમોર્ટમ કરાવીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદના જાદવ ફળિયામાં રહેતા અને વાયરમેન તરીકે કામ કરતા રાજેશભાઈ રામસિંહ જાદવ (ઉં.વ. ૫૪) ગત ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે ગામમાં જ રહેતી એક મહિલાના ઘરે ગયા હતા. તેઓ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતાં ચિંતિત બનેલા પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી.

દરમિયાન, સવારના આશરે પોણા નવ વાગ્યાના સુમારે કોઈપણ કારણસર આ વિધવાના મકાનના ધાબા પરથી રાજેશભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવ અંગે જાણ થતાં પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. વાસદ પોલીસે આ મામલે ગુનો નોંધી ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. હાલ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના ભીમપુરા પ્રાથમિક શાળાના શિક્ષક ખેડા જિલ્લાના 'શ્રેષ્ઠ શિક્ષક' એવોર્ડથી સન્માનિત

**કપડવંજ** | નડિયાદ ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના સમારોહમાં કપડવંજ તાલુકાની ભીમપુરા પ્રાથમિક શાળાના શિક્ષક નિતિનકુમાર મણીભાઈ પ્રજાપતિને 'શ્રેષ્ઠ શિક્ષક'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તેમને પ્રમાણપત્ર, ટ્રોફી, શાલ અને [illegible]૫,૦૦૦ની ઇનામી રાશિ આપીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. નિતિનભાઈએ ઇનામમાં મળેલી [illegible]૫,૦૦૦ની તમામ રકમ શાળાના બાળકોના શૈક્ષણિક કાર્ય માટે આચાર્યને અર્પણ કરીને ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



### કપડવંજના વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં ઉત્સાહભેર 'સ્વયં શિક્ષક દિન'ની ઉજવણી કરાઈ

**કપડવંજ** | કપડવંજ તાલુકાના વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં આચાર્ય કનુભાઈ પ્રજાપતિની રાહબરી હેઠળ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ 'વન ડે શિક્ષક' તરીકે રોલ પ્લે કરીને અન્ય બાળકોને દિવસભર હોશભેર ભણાવી શિક્ષકની કાર્યશૈલીનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. આ પ્રસંગે શાળા પરિવાર તરફથી બાળકોને પાઉં-ભાજીનું પ્રોત્સાહક ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું અને એસ.એમ.સી.ના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. અંતે સ્વયં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ ચાર ભાષાઓ (સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) માં ઉત્કૃષ્ટ વક્તવ્ય રજૂ કર્યું હતું.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની સી.એન.વિદ્યાલયના ઋત્વા પ્રજાપતિ અને વેદ પટેલ શ્રેષ્ઠ બાળ શિક્ષક જાહેર

**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.એન. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓએ શિક્ષકો અને કર્મચારીઓની ભૂમિકા ભજવી ઉત્સાહભેર 'શિક્ષક દિન' ઉજવ્યો હતો. આ પ્રસંગે માધ્યમિક વિભાગમાં પ્રજાપતિ ઋત્વા અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પટેલ વેદ પ્રથમ ક્રમે આવી શ્રેષ્ઠ બાળ શિક્ષક બન્યા હતા. શાળાના આચાર્ય જે.જી.પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન કરી તથા શિક્ષકોએ પ્રેરક વિચારો રજૂ કરી બાળ શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્ટાફ પરિવારના સહયોગથી સફળ રહ્યું હતું અને અંતે એચ.એ. પ્રજાપતિએ આભારવિધિ કરી રાષ્ટ્રગાન સાથે ઉજવણી પૂર્ણ કરી હતી.



### એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજની સ્વાતિ પટેલે આંતરરાષ્ટ્રીય યોગાસન સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો

**આણંદ** | બેંગકોક ખાતે યોજાયેલી '4th UYSF Asia Pacific Yogasana Sports Championship 2026' માં ૧૯-૨૦ વયજૂથની ટ્રેડિશનલ યોગા કેટેગરીમાં સ્વાતિ અજયકુમાર પટેલે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ સ્પર્ધામાં જૂનિયર ગર્લ્સ ગ્રુપ કેટેગરીમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને સ્વાતિએ 'ચેમ્પિયન ઓફ ચેમ્પિયન્સ'નો ગૌરવપૂર્ણ ખિતાબ પોતાના નામે કર્યો છે. કોલેજમાં અભ્યાસ અને રમતગમત ઉપરાંત આ પ્રતિભાશાળી વિદ્યાર્થીની એનસીસી કેડેટ તરીકે પણ શિસ્તબદ્ધ સેવાઓ આપી રહી છે. સ્વાતિની આ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય પ્રો. ડો. પ્રશાંત પટેલ સહિત સમગ્ર કોલેજ પરિવારે તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.




### નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ૨૬ નવજાત દીકરીઓને 'દીકરી વધામણા કીટ' અર્પણ કરાઈ

**નડિયાદ** | વિશ્વ સાક્ષરતા દિવસ નિમિત્તે જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ DHEW ટીમ દ્વારા નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે હોસ્પિટલમાં જન્મેલી ૨૬ નવજાત દીકરીઓના જન્મની ખુશી મનાવી તેમના પરિવારજનોને 'દીકરી વધામણા કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું. સિવિલ સર્જન ડો. કવિતા મેડમ તેમજ તબીબી, DHEW અને સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફે ઉપસ્થિત રહી દીકરીઓના શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવી હતી.




### નડિયાદ ખાતે ગુજરાતના પ્રથમ અને દેશના બીજા 'એલિમ્કો AT માર્ટ'નો પ્રારંભ

**નડિયાદ** | ભારત સરકારના સાહસ ALIMCO દ્વારા નડિયાદ ખાતે દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે રાજ્યના પ્રથમ 'Assistive Technology Mart'નો શુભારંભ કરવામાં આવ્યો છે. કાનપુર પછી દેશમાં બીજા ક્રમે સ્થાપિત આ કેન્દ્રથી દિવ્યાંગો અને સિનિયર સિટીઝનોને જરૂરી તમામ સહાયક ઉપકરણો એક જ સ્થળેથી સરળતાથી પ્રાપ્ત થશે. આ માર્ટમાં વ્હીલચેર, ઈલેક્ટ્રિક સ્કૂટર, ૧૨ ભાષા ધરાવતી AI સ્ટિક, સ્માર્ટ ચશ્મા અને શ્રવણ મશીન જેવા અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવાયા છે.



### નડિયાદ સ્થિત ભારત વિકાસ પરિષદ દ્વારા "મોટીવેશનનો મહાસાગર" પરિસંવાદ યોજાયો

**નડિયાદ** | ભારત વિકાસ પરિષદ નડિયાદ શાખાની સામાન્ય સભા અને ૧૧મા મંગળ પ્રવેશની ઉજવણી યોજાઈ હતી. આ કાર્યક્રમમાં યુવા લેખક-વક્તા ડો. હાર્દિક એન. યાજ્ઞિકે "મોટીવેશનનો મહાસાગર" વિષય પર સભ્યોને પ્રોત્સાહિત કરતું ઉમદા વક્તવ્ય આપ્યું હતું. આ સભામાં મંત્રી દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરાયો હતો તથા શાખા પરિવારમાં નવા સભ્યોનું આવકારપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રમુખ અમિત સોની, સ્થાપક પ્રમુખ ઉમેશભાઈ ઢગટ તથા હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત પરિવારજનોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



### સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો



**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના અંડર ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ દ્વારા કુલપતિ પ્રો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે એકદિવસીય શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક યાત્રામાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના કુલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૬ ફેકલ્ટી સભ્યો જોડાયા હતા. વિદ્યાર્થીઓએ સરદાર પટેલની વિશ્વવિખ્યાત પ્રતિમાના દર્શન ઉપરાંત મ્યુઝિયમ, એક્ઝિબિશન હોલ અને સરદાર સરોવર ડેમ પરિસરની મુલાકાત લઈને સરદાર સાહેબના જીવનચરિત્ર વિશે માહિતી મેળવી હતી.

### ઓડ સ્થિત પ્રમુખ સ્વામી ઇંગ્લિશ મીડિયમ હાઇસ્કૂલ ખાતે શિક્ષક દિનની ભાવસભર ઉજવણી




**આણંદ** | ઓડ ખાતે આવેલી શ્રી પ્રમુખ સ્વામી ઈંગ્લિશ મીડિયમ હાઇસ્કૂલ ખાતે 'શિક્ષક દિન'ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ, જેમાં ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનને પુષ્પાંજલિ અર્પી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. વિદ્યાર્થીઓએ ગુરુજનોનું પુષ્પગુચ્છથી આદરપૂર્વક સન્માન કર્યું હતું અને ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. એક દિવસીય શિક્ષક તરીકે ઉત્કૃષ્ટ ભૂમિકા બદલ ઇનામ વિતરણમાં પ્રાચી ઠાકોરે પ્રથમ, હેત રોહિતે દ્વિતીય અને રિશી પટેલે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. શિક્ષકો-વિદ્યાર્થીઓના પ્રેરણાદાયી વક્તવ્યો અને હૃદયસ્પર્શી આભારવિધિ સાથે સમાપન કરાયું હતું.

### વાસદ એસવીઆઈટી ખાતે 'મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય ખેલ મહોત્સવ 2.0' યોજાયો



**આણંદ** | રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે PEFI અને ધી ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ ટ્રસ્ટ, વાસદના ઉપક્રમે યોજાયેલા 'મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય ખેલ મહોત્સવ 2.0' માં વિવિધ સંસ્થાઓના 2000થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ મહોત્સવ દરમિયાન વોલીબોલ, કબડ્ડી, બાસ્કેટબોલ, ટેબલ ટેનિસ અને કેરમ સહિત કુલ પાંચ ઇન્ડોર અને આઉટડોર ટીમ ઇવેન્ટ્સનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. PEFI ગુજરાતના અધ્યક્ષ ડો. અર્જુનસિંહ રાણા તથા SVITના અધ્યક્ષ ભાવેશભાઈ પટેલે રમતગમત દ્વારા યુવાનોને દૂષણોથી દૂર રાખી તેમના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્ર નિર્માણ પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી મંડળ અને આચાર્ય ડો. ડી. પી. સોની દ્વારા સર્વેને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### બેંક ઓફ ઈન્ડિયા વડોદરા ઝોનલ ઓફિસ ખાતે ૧૨૧મો સ્થાપના દિવસ ઉજવાયો

**આણંદ** | વડોદરા ઝોનલ ઓફિસ ખાતે ઝોનલ મેનેજર વિવેક તિવારીની અધ્યક્ષતામાં બેંક ઓફ ઈન્ડિયાનો ૧૨૧મો સ્થાપના દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે કેક કાપીને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ગ્રાહકો અને ચેનલ પાર્ટનર પ્રતિનિધિઓ સાથે ખાસ બેઠક યોજાઈ હતી. બેંક દ્વારા વિવિધ સેવાભાવી સંસ્થાઓને સહાય પૂરી પાડવામાં આવી હતી અને આદિકુરા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના સહયોગથી આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરાયું હતું. આ ઉજવણીમાં ડેપ્યુટી ઝોનલ મેનેજર નદીમ રિયાઝ અંસારી, સ્ટાફ સભ્યો, શાખા મેનેજરો અને માનવંતા ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતા.